# અમદાવાદ મે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૧૦

ફોજદારી કેસ નં:- ૪૪૬૩/૧૯

**પ્રોહી એકટ કલમ : ૬૬(૧) બી, ૮૫(૧)(૩) અન્વયે**
**આરોપી ની ગુના કબુલાત ની અરજી આંક : ૧ નીચે નો હુકમ**

(૧) ચાર્જશીટ તથા સાથેના પેપર્સ આરોતી ની ગુના ની કબુલાત વંચાણે લીધી. આરોપી/આરોપીઓના વકીલ શ્રી ને સાંભળ્યા. આરોપી સામે પ્રોહી એકટ ની કલમ : ૬૬(૧)બી, ૮૫(૧)(૩) મુજબ ના ગુનાનું તહોમત આ અદાલત માં રજુ કરવા માં આવ્યું છે. આજરોજ આરોપી જાતે કોર્ટ માં હાજર થઈ તેની સામેના ગુનાનો સ્વીકાર કરી તે મતલબ ની પુરસીસ આપી છે. વધુમાં આરોપી તરફે રજુઆત કરવામાં આવી છે કે તેની સામેનો આ પ્રથમ ગુનો છે અને અજાણતા થી ઈરાદા વગર ગુનો થયો છે, તેના પર તેના કુટુંબ ની ભરણપોષણ ની જવાબદારી છે. જેથી તેની પર દયા રાખી ઓછી રકમ નો દંડ કરવા રજુઆત કરી છે.

(૨) આરોપીએ આજરોજ સ્વેચ્છાએ ગુનો કબુલાત ની પુરસીસ આપી છે. આ તબકકે એ ધ્યાને લેવું જરૂરી છે કે કયારેક આરોપીઓ ન્યાયીક કાર્યવાહી માં થતી વિલંબ થી પોતાને થતી હેરાનગતી તથા નાણાકીય વ્યય માંથી બચવા માટે પણ આરોપી ઓ ગુના ની કબુલાત કરતા હોય છે. કાયદા માં ઠરાવેલી નિયત સજા કરવામાં આવે અને આરોપી ને જેલમાં મોકલવામાં આવે તો શકય છે કે આરોપી જેલમાં ના અઠંગ અને રીઢા ગુનેગાર ના સંપર્ક માં આવી તેના જેવો ગુનેગાર બની જાય ફોજદરી ન્યાય તંત્ર ના સીધ્ધાંત મુજબ આવી પરીસ્થીતી નુ સર્જન નથાય તેની તકેદારી રાખવી તે જરૂરી છે આરોપી નો પ્રથમ ગુનો હોવાનું જણાઈ આવે છે અને તેને આ બાબતે પસ્તાવો થયેલ છે. આરોપી ઉપર દયા રાખી હળવી સજા કરવા માં આવે તો ન્યાય નો હેતુ જળવાય તેમ છે. આરોપી સામે નો ગુનો તથા કાયદા માં ઠરાવેલી સજા ગુના ની ગંભીરતા તેમજ તેની આર્થીક પરીસ્થીતી તેમજ તેના કુટુંબ ની જવાબદારી ધ્યાને લ ેતા આરોપી ને હળવી સજા કરવા માં આવે તેવુ મારું માનવું છે, જે થી ન્યાય ના હિત માં નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**// આ ખ રી હુ ક મ //**

(૧) આરોપી ને પ્રોહી એકટ ની કલમ : ૬૬(૧)બી, ૮૫(૧)(૩) તથા જી. પી. એકટ કલમ ૧૧૦, ૧૧૭ મુજબ ના ગુના માં ક્રિ. પ્રો. કો કલમ : ૨૪૮(૨) અન્વયે રૂા. ૨૦૦/- ( અંકે રૂપીયા ...બસો........પુરા) નો દંડ ભરવા હુકમ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડ ની રકમ ભરપાઈ ન કરે તો દિન ..૨.... ની સાદી કેદ ની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે તેમજ દિન .......... ની આરોપી ને સાદી કેદની સજા ભોગવવા આથ હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી કાચા કામના કેદી તરીકે જેટલો સમય જયુડીશ્યલ કસ્ટડી માં રહેલ હોય તે તેને કાચા કામના કેદી તરીકે ભોગવેલી સજા, આ સજામાંથી મજરે આપવા જેલરશ્રી ને યાદી કરવી.

(૩) કચેરી એ આરોપી ના નામની સજા ચીઠ્ઠી જારી કરવી.

આ હુકમ આજરોજ તારીખ :૨૨...... મી માહે [illegible]. સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં. ૧૦
અમદાવાદ.

અમદાવાદ
તા. ૨૨/૭/૧૯